Lyka Labs Limited
Corporate Office : Ground Floor, Spencer Building, 30, Forjett Street, Grant Road (West), Mumbai - 400 036.
Phone : 022 6611 2200 / 244 /290 • Website : www.lykalabs.com • Email : enquiry@lykalabs.com
LYKA
Healthcare through Innovation

8th July, 2026

**BSE Limited**
Phiroze Jeejeebhoy Towers,
Dalal Street,
Mumbai- 400 001

Scrip Code: 500259

**National Stock Exchange of India Limited**
Exchange Plaza,
Bandra Kurla Complex, Bandra (East),
Mumbai - 400 051

Scrip Code: LYKALABS

Dear Sir/Madam,

**Sub.: Newspaper Advertisement for 47th Annual General Meeting of the Company**

Pursuant to Regulation 30 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, please find enclosed herewith copies of the newspaper advertisements published in the following newspapers, in respect of the 47th Annual General Meeting of the Company scheduled to be held on Monday, 10th August 2026 at 12:30 p.m. (IST) through Video Conferencing (VC) / Other Audio-Visual Means (OAVM):

| Sr. No. | Name of Newspaper(s) | Edition(s) | Publication Date |
|---|---|---|---|
| 1 | Financial Express - English | All | 8th July, 2026 |
| 2 | Loksatta-Jansatta - Gujarati | Bharuch | |

The said advertisements were published in compliance with the relevant Circulars issued by the Ministry of Corporate Affairs and SEBI. The above information is also being made available on the Company's website at www.lykalabs.com

This is for your information and records.

Thanking you,

Yours faithfully,
For **Lyka Labs Limited**

SHAILENDRA KUMAR AGRAWAL
Digitally signed by SHAILENDRA KUMAR AGRAWAL
Date: 2026.07.08 12:46:37 +05'30'

Shailendra Agrawal
Company Secretary and Compliance Officer

Encl.: as above

ભારતીય નિકાસકારો, ખાસ કરીને ચામડા ઉદ્યોગને, ૨૭ યુરોપિયન દેશોના બજારોમાં વધુ સારી પહોંચ મળશે

# EU-ભારત મુક્ત વેપાર પર કાનૂની સમીક્ષા ૧૫ દિવસમાં પૂર્ણ થશે

## ભારતીય વ્યવસાયો માટે ૨૭ વિકસિત દેશોના વિશાળ બજારોના દરવાજા ખોલશે: ઉદ્યોગ મંત્રી ગોયલ

નવીદિલ્હી,તા.૭

ભારત અને યુરોપિયન યુનિયન (EU) વચ્ચે પ્રસ્તાવિત મુક્ત વેપાર કરાર (FTA) ના મુસદ્દાની કાનૂની તપાસ આગામી ૧૫-૨૦ દિવસમાં પૂર્ણ થવાની અપેક્ષા છે, એમ કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે સોમવારે જણાવ્યું હતું. ભારત અને ૨૭ દેશોના યુરોપિયન યુનિયને જાન્યુઆરીમાં વેપાર કરાર પર વાટાઘાટો પૂર્ણ કરવાની જાહેરાત કરી હતી. કાનૂની તપાસ પૂર્ણ થયા પછી, કરાર આ વર્ષના અંત સુધીમાં હસ્તાક્ષર થવાની સંભાવના છે અને આગામી વર્ષથી અમલમાં આવશે. કાઉન્સિલ ફોર લેધર એક્સપોર્ટ્સ (CLE) ના એવોર્ડ સમારોહમાં બોલતા, ગોયલે કહ્યું કે ભારત અને બ્રસેલ્સ સ્થિત યુરોપિયન યુનિયનની



ટીમો ડ્રાફ્ટ કરારની કાનૂની ચકાસણી પૂર્ણ કરવા માટે સાથે મળીને કામ કરી રહી છે. તેમણે કહ્યું, ''આગામી ૧૫-૨૦ દિવસમાં કાનૂની સફાઈ પૂર્ણ થશે.''મંત્રીએ જણાવ્યું કે તેઓ ૧૪-૧૫ જુલાઈના રોજ વ્યાપારી નેતાઓના પ્રતિનિધિમંડળ સાથે બ્રસેલ્સ જશે. ત્યારબાદ તેઓ સ્પેન અને ફિનલેન્ડની મુલાકાત લેશે. તેમણે જણાવ્યું કે ભારતે તેના ઉત્પાદનો, માલસામાન અને સેવાઓને વૈશ્વિક સ્તરે પ્રોત્સાહન આપવા માટે તૈયારીઓ શરૂ કરી દીધી છે જેથી FTA લાગુ થયા પછી ભારતીય ઉદ્યોગો મહત્તમ લાભ મેળવી શકે. યુરોપિયન કમિશન અને ટ્રેડ કાઉન્સિલ સાથે કયા મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે?

ગોયલે જણાવ્યું હતું કે પહેલાથી જ EU ટ્રેડ કમિશનર મારોસ સેફકોવિચ સાથે ચર્ચા કરી ચૂક્યા છે. બ્રસેલ્સની તેમની મુલાકાત દરમિયાન, તેઓ યુરોપિયન કમિશનના પ્રમુખ, યુરોપિયન કાઉન્સિલના પ્રતિનિધિઓ અને વેપાર, ડિજિટલ ટેકનોલોજી અને વિદેશી બાબતોના મંત્રીઓ સાથે વેપાર અને ટેકનોલોજી પરિષદ (TTC) ની બેઠકોમાં ભાગ લેશે. તેમણે કહ્યું કે ભારત અને યુરોપિયન યુનિયન આ કરારની કાનૂની ચકાસણી ઝડપી બનાવવા માટે પણ કામ કરી રહ્યા છે જેથી તેને યુરોપિયન કમિશન અને સંસદ દ્વારા ટૂંક સમયમાં મંજૂરી મળી શકે. ૨૦૨૭ ના પ્રથમ ત્રિમાસિક ગાળા સુધીમાં ભારત-EU મુક્ત વેપાર કરાર લાગુ કરવા માટે પ્રયત્નશીલ છે. આ કરાર ભારતીય વ્યવસાયો માટે ૨૭ વિકસિત દેશોના વિશાળ બજારોના દરવાજા ખોલશે અને દેશની નિકાસને નવી ઊંચાઈઓ પર લઈ જશે. FTA થી ચામડા ઉદ્યોગને કેવી રીતે ફાયદો થશે? ગોયલે કહ્યું કે ભારતની ચામડા અને ચામડાના ઉત્પાદનોની નિકાસ હાલમાં $૪ થી $૪.૫ બિલિયનની વચ્ચે છે. તેમનું માનવું છે કે નવા વેપાર કરારો વિકસિત દેશોમાં આ ક્ષેત્ર માટે નોંધપાત્ર તકો લાવશે. ચામડાની નિકાસ $૧૫ બિલિયન સુધી પહોંચવા માટે કેવી રીતે તૈયાર થશે? તેમણે ચામડા ઉદ્યોગને આગામી ૫-૬ વર્ષમાં $૧૫ બિલિયન નિકાસના લક્ષ્યને પ્રાપ્ત કરવા હાકલ કરી. ઉદ્યોગે હવે માત્ર ઉત્પાદન પર જ નહીં પરંતુ ફિનિશિંગ, ડિઝાઈન, પેકેજિંગ પર પણ ધ્યાન કેન્દ્રિત કરવું પડશે.

વાર્ષિક પ્રાઇમ મેમ્બરશિપ પર રૂ. ૫૦૦ની ફ્લેટ છૂટ આપી

# ઈ-કોમર્સ વૉર: દેશના ઓનલાઈન માર્કેટ પર કબ્જો કરવા એમેઝોનની નવી સ્ટ્રેટેજી

## પ્રાઇસિંગ માસ્ટરસ્ટ્રોક, ડિસ્કાઉન્ટ અને સબસ્ક્રિપ્શનના આંકડાઓ પર મોટો દાવ ખેલાયો

નવી દિલ્હી, તા.૭

ભારતના અબજો ડોલરના ઈ-કોમર્સ માર્કેટમાં વન-મેન શો સ્થાપિત કરવા અને હરીફ કંપનીઓને પછાડવા માટે એમેઝોન ઈન્ડિયાએ એક અત્યંત આક્રમક બિઝનેસ સ્ટ્રેટેજી અમલમાં મૂકી છે.

ફ્લિપકાર્ટ, જિઓમાર્ટ અને ક્વિક-કોમર્સ એપ્સના વધતા જતા પ્રભાવ વચ્ચે ગ્રાહકોને કાયમ માટે પોતાના ઈકોસિસ્ટમમાં જકડી રાખવા માટે કંપનીએ આ વખતે કિંમતો અને ડિસ્કાઉન્ટના આંકડાઓ સાથે મોટો જુગાર ખેલ્યો છે.

લૉંગ-ટર્મ કસ્ટમર વેલ્યુ વધારવાના વ્યૂહાત્મક હેતુથી એમેઝોને તેના પ્રાઈમ સબસ્ક્રિપ્શન મોડલના ભાવો તળિયે લાવી દીધા છે. કંપનીએ વાર્ષિક પ્રાઈમ મેમ્બરશિપ પર રૂ. ૫૦૦ની ફ્લેટ છૂટ આપીને તેની કિંમત માત્ર રૂ. ૯૯૯ કરી દીધી છે.

આ ઉપરાંત, ટિયર-૨ અને ટિયર-૩ શહેરોના મધ્યમ વર્ગના ગ્રાહકોને આકર્ષવા માટે 'પ્રાઈમ લાઈટ' પ્લાન રૂ. ૨૦૦ના ઘટાડા સાથે માત્ર રૂ. ૫૯૯/વર્ષ અને માત્ર શોપિંગ ફીચર ધરાવતો 'શોપિંગ એડિશન' પ્લાન રૂ. ૧૦૦ના ડિસ્કાઉન્ટ સાથે માત્ર રૂ. ૨૯૯/વર્ષના આક્રમક ભાવે માર્કેટમાં ઉતાર્યો છે.ગ્રાહકોની ખરીદ શક્તિ વધારવા અને એવરેજ ઓર્ડર વેલ્યુ ઊંચી લઈ જવા માટે એમેઝોને બેંકિંગ ઓફર્સના આંકડાઓ પર દાવ લગાવ્યો છે.

કંપનીએ ડેબિટ અને ક્રેડિટ કાર્ડ પર ૧૦% સુધીનું ઈન્સ્ટન્ટ ડિસ્કાઉન્ટ ઓફર કર્યું છે. માર્કેટ શેર વધારવા માટે એમેઝોન પોતાના પ્લેટફોર્મ પર ૩૦૦થી વધુ બ્રાન્ડ્સની ૧૫,૦૦૦થી વધારે પ્રોડક્ટ્સ પર સૌથી નીચી કિંમતો ઓફર કરી રહ્યું છે.

ઈ-કોમર્સ નિષ્ણાતોના મતે, એમેઝોનની આ નવી સ્ટ્રેટેજી સ્પષ્ટ સંકેત આપે છે કે તે ભારતીય માર્કેટમાં નફાના માર્જિન ભોગે પણ વૉલ્યુમ માર્કેટ કબ્જે કરવા માંગે છે.

ડિલિવરી સ્પીડ અને સસ્તી સબસ્ક્રિપ્શન પ્રાઈસિંગનું આ કોમ્બિનેશન લાંબા ગાળે ભારતીય રિટેલ માર્કેટમાં એમેઝોનનો એકાધિકાર સ્થાપિત કરી શકે છે.

## બિઝનેસ આજકાલ

### અચાનક જ ચાંદીની કિંમત ઘટી, બે જ દિવસમાં રૂ. ૬,૬૦૦નો કડાકો!

સોના અને ચાંદીના ભાવમાં સતત બીજા દિવસે પણ મોટો ઘટાડો જોવા મળ્યો છે. મલ્ટી કમોડિટી એક્સચેન્જ પર બજાર ખુલતાની સાથે જ બંને કિંમતી ધાતુઓના ભાવમાં મોટો કડાકો બોલાયો છે. સોમવારે ભારે કડાકો થયા બાદ મંગળવારે પણ માર્કેટ ખુલતાની સાથે જ ચાંદીના ભાવ તૂટી પડ્યા હતા. સ્ઝઠ પર ૪ સપ્ટેમ્બરની એક્સપાયરીવાળી ચાંદીની કિંમત ખુલતાની સાથે જ ૫૨૯૬ સસ્તી થઈને ૨,૩૦,૮૦૩ પ્રતિ કિલોગ્રામ પર આવી ગઈ હતી, જે અગાઉના કારોબારી દિવસે ૨,૩૬,૦૯૯ પર બંધ થઈ હતી. આ સપ્તાહની શરૂઆતથી જ ચાંદીમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. ગત શુક્રવારે ચાંદી ૨,૩૭,૪૧૦ પર બંધ થઈ હતી.

### જૂનમાં ઈ-વે બિલની સંખ્યા ૧૪ ટકાથી વધુ વધી ૧૩.૬૮ કરોડ

મુંબઈ : સમાપ્ત થયેલા દેશમાં ઈ-વે બિલ જનરેશનમાં વાર્ષિક ધોરણે ૧૪.૫૦ ટકા વધારો થઈને ૧૩.૬૮ કરોડ રહ્યા છે. જૂનમાં ૧૪.૫૦ ટકાનો વધારો વર્તમાન વર્ષના ફેબ્રુઆરી બાદ સૌથી ઊંચો છે. ફેબ્રુઆરીમાં ઈ-વે બિલ જનરેશનમાં વાર્ષિક ધોરણે ૧૮.૮૦ ટકા વધારો થયો હતો એમ પ્રાપ્ત ડેટા જણાવે છે. કેટલાક હાઈ ફ્રીકવન્સી આર્થિક ઈન્ડીકેટર્સમાં નબળાઈ છતાં દેશમાં માલસામાનની હેરફેર સ્થિતિસ્થાપક રહી હોવાનું ઈ-વે બિલ જનરેટ થવાની સંખ્યા પરથી કહી શકાય એમ છે. વર્તમાન વર્ષના મેમાં ૧૩.૬૧ કરોડ ઈ-વે બિલ જનરેટ થયા હતા. મેમાં વૃદ્ધિનો દર ૧૦.૯૦ ટકા રહ્યો હતો.

### સેન્સેક્સ ૧ને ૭૮,૧૮૧ પર બંધઃ નિફ્ટી ૨૪,૩૯૯ પર આવ્યો

મુંબઈઃ શેરબજારમાં ૭ જુલાઈના રોજ ઘટાડો જોવા મળ્યો. સેન્સેક્સ ૧૦૪ પોઈન્ટના ઘટાડા સાથે ૭૮,૧૮૧ પર બંધ થયો. જ્યારે નિફ્ટીમાં પણ ૩૨ પોઈન્ટનો ઘટાડો રહ્યો, તે ૨૪,૩૯૯ પર બંધ થયો. મેટલ અને રિયલ્ટી શેર્સમાં આજે વધુ વેચવાલી જોવા મળી. જ્યારે IT અને કન્ઝ્યુમર ડ્યુરેબલ શેર્સમાં વધુ ખરીદી જોવા મળી. આ પહેલા ગઈકાલે એટલે કે ૬ જુલાઈએ શેરબજારમાં તેજી જોવા મળી હતી. સેન્સેક્સ ૫૨૧ પોઈન્ટના ઉછાળા સાથે ૭૮,૨૮૫ પર બંધ થયો હતો. નિફ્ટીમાં પણ ૧૬૦ પોઈન્ટનો વધારો થયો હતો, જે ૨૪,૪૩૦ પર બંધ થયો હતો.

### રિટેલ રોકાણકારોનું છ માસમાં રૂ. ૫૭,૨૦૩ કરોડનું જંગી રોકાણ

નવીદિલ્હી : કેલેન્ડર વર્ષ ૨૦૨૬ ના પ્રથમ છ મહિનામાં ભારતીય ઈક્વિટીમાં રિટેલ રોકાણકારોનું ચોખ્ખું રોકાણ રૂ. ૫૭,૨૦૩ કરોડ હતું, જે એક વર્ષ અગાઉના સમાન સમયગાળામાં રૂ. ૧,૮૮૪ કરોડ હતું. એક્સચેન્જ ડેટા દર્શાવે છે કે વૈશ્વિક અનિશ્ચિતતા છતાં, રોકાણકારોનો રસ ફરી વધ્યો છે. નિષ્ણાતો કહે છે કે જૂનમાં ભૂ-રાજકીય તણાવ ઓછો થતાં, રોકાણકારો સાવચેતીપૂર્વક પસંદગીના ક્ષેત્રોમાં પાછા ફરી રહ્યા છે. ૨૦૨૪ માં રૂ. ૧.૬૭ લાખ કરોડની રેકોર્ડ ચોખ્ખી ખરીદી પછી, ૨૦૨૫ માં રૂ. ૧,૭૧૫ કરોડનું ચોખ્ખું વેચાણ જોવા મળ્યું હતું. જૂન મહિનામાં બેન્ચમાર્ક ઈન્ડેક્સ નિફ્ટી ૧.૩% થી વધુ વધ્યો અને જુલાઈના પહેલા અઠવાડિયામાં પણ તેનો અપ ટ્રેન્ડ ચાલુ રહ્યો હતો.

## રાજપીપળાના જંગલમાંથી પાટલા ઘો ના શિકારીઓને ઝડપી પાડ્યા

રાજપીપળા,તા.૭

રાજપીપળા રેન્જ ફોરેસ્ટની ટીમોએ જંગલ વિસ્તાર માંથી લુપ્ત થતી પ્રજાતિઓમાની એક પાટલા ઘો ના શિકારીને ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી છે.આરોપીને કોર્ટમાં રજૂ કરતા કોર્ટ દ્વારા જામીન ના મંજૂર કરવામાં આવ્યા છે.રાજપીપળા રેન્જ ફોરેસ્ટ ઓફિસર એચ.જે.વાંદા અને એમની ટીમ ૩ જુલાઈના રોજ નાંદોદ તાલુકાના આમલેથા નજીક રિઝર્વ ફોરેસ્ટ જંગલ વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહ્યા હતા.પેટ્રોલિંગ પૂરું કરી એ ટીમ જંગલ બહાર નીકળી રહી હતી એ દરમિયાન થેલી અને મોટા રૂમાલ સાથે ત્યાંથી પસાર થઈ રહેલા ૫ લોકોને શંકાસ્પદ હાલતમાં જોતા વન વિભાગની ટીમે એમને આંતરી ઊભા રાખ્યા હતા એ દરમિયાન ૪ લોકો ત્યાંથી ભાગી છૂટ્યા હતા જ્યારે સણદરા ગામનો બારીયા મોવાશી વસાવા ઝડપાઈ ગયો હતો.ઝડપાયેલા



વ્યક્તિની થેલી અને રૂમાલની તપાસ કરતા શિકાર કરેલી હાલતમાં ૯ પાટલા ઘો મળી આવ્યા હતા.આ આરોપીઓએ ભેગા મળી રીઝર્વ ફોરેસ્ટના કંમ્પાન્ટમેન્ટ નંબર ૧૧૦ મા વગર પરવાનગીએ ઘુસી પાટલા ઘો નો શિકાર માત્ર પોતાના ખોરાક માટે કર્યો હોવાનું તપાસ દરમિયાન જણાઈ આવ્યું હતું.અત્રે એ ઉલ્લેખનીય છે કે પાટલા ઘો વન્ય પ્રાણી સંરક્ષણ શિડયુઅલ ૧ નું વન્ય પ્રાણી છે,

## ઈલેક્ટ્રિક વાહનોની માગમાં વધારો નોંધાયો

મુંબઈ,તા.૭

પશ્ચિમ એશિયા યુદ્ધ ફાટી નીકળ્યા બાદ પેટ્રોલ -ડીઝલના ઊંચા ભાવ ઉપરાંત તેની અછત વર્તાવા લાગતા ભારતમાં નવા વાહનોના વેચાણમાં ઈલેક્ટ્રિક, વાહનો, હાઈબ્રિડ તથા કોમ્પ્રેસ્ડ નેચરલ ગેસ (સીએનજી) વાહનોની માગમાં વધારો થયાનું જૂન મહિનાના વાહનોના રિટેલ વેચાણ આંક જણાવે છે. જૂનમાં વેચાયેલા ઊતારૂ વાહનોમાં પેટ્રોલ-ડીઝલ સિવાયના વાહનોનો હિસ્સો વિક્રમી સપાટીએ જોવા મળ્યો હોવાનું ફેડરેશન ઓફ ઓટોમોબાઈલ ડીલર્સ એસોસિએશન (ફાડા)ના ડેટા જણાવે છે.

મેમાં વેચાયેલા ઊતારૂ વાહનોમાં ઈલેક્ટ્રિક, હાઈબ્રિડ તથા સીએનજી વાહનોનો હિસ્સો જે ૩૮ ટકા હતો તે જૂનમાં વધી ૪૦.૩૫ ટકા રહ્યો છે. મેમાં પેટ્રોલ તથા ડીઝલના ભાવમાં વધારાને કારણે વપરાશકારોએ ઓછા ખર્ચાળ એવા ફ્યુઅલ સાથેના વાહનો ખરીદવાનું પસંદ કર્યું હતું.

ગ્રાહકોનો આ ટ્રેન્ડ કામચલાઉ છે કે તેમાં બદલાવ આવ્યો છે તે જોવાનું રહેશે એમ ફાડાના પ્રમુખ સી. એસ. વિઘ્નેશ્વરે એક નિવેદનમાં જણાવ્યું હતું.

વાહનોના એકંદર વેચાણમાં ગયા મહિને ૨૧.૮૦ ટકા વધારો થઈને ૨૫,૫૭,૨૩૪ એકમ રહ્યો છે. ઊતારૂ વાહનોનું રિટેલ વેચાણ વાર્ષિક ધોરણે ૨૮.૬૦ ટકા વધી ૪,૧૦,૮૫૩ રહ્યું છે. ટ્રેકટર્સના વેચાણમાં ૨૫.૩૦ ટકા જ્યારે થ્રી વ્હીલર્સના વેચાણમાં ૧૬.૨૦ ટકા વધારો નોંધાયો છે.

ઇલેક્ટ્રિક ટુ-વ્હીલર ઉત્પાદક ઓલા ઇલેક્ટ્રિક વધુ એક કાનૂની પડકારનો સામનો કરી રહી છે

# ઓલા કંપનીની ૪૦ કરોડની બાકી ચૂકવણી બદલ નાદારીની કાર્યવાહીની માગ કરાઈ

## EV બજારમાં વધતી સ્પર્ધાને કારણે વાર્ષિક વૃદ્ધિ દબાણ હેઠળ : આગામી સુનાવણી ૨૭ જુલાઈના રોજ

નવી દિલ્હી,તા.૭

ઈલેક્ટ્રિક ટુ-વ્હીલર ઉત્પાદક ઓલા ઈલેક્ટ્રિક વધુ એક કાનૂની પડકારનો સામનો કરી રહી છે. કંપનીના બે મુખ્ય સપ્લાયર્સે કથિત રીતે ચૂકવવામાં ન આવેલા ચુકવણીઓ પર NCLT માં નાદારીની કાર્યવાહી દાખલ કરી છે. અહેવાલો અનુસાર, બંને કંપનીઓનો દાવો છે કે તેમને હજુ સુધી ૪૦ કરોડથી વધુની ચુકવણી મળી નથી.

ભારતની અગ્રણી ઈલેક્ટ્રિક ટુ-વ્હીલર કંપની, ઓલા ઈલેક્ટ્રિક મોબિલિટી લિમિટેડની ઓપરેટિંગ શાખા, ઓલા ઈલેક્ટ્રિક ટેક્નોલોજીસ પ્રાઈવેટ લિમિટેડ ફરી એકવાર કાનૂની મુશ્કેલીમાં ફસાઈ ગઈ છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, કંપનીના બે મુખ્ય સપ્લાયર્સે ૪૦ કરોડથી વધુના કથિત ચૂકવણી ન કરવા બદલ નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ નો સંપર્ક કર્યો છે. બંને સપ્લાયર્સે ઓલા સામે નાદારીની કાર્યવાહી શરૂ કરવાની માંગ કરી છે. ઓલા ઈલેક્ટ્રિકને EV



ઘટકો સપ્લાય કરતી બે મોટી કંપનીઓ દ્વારા દાખલ કરવામાં આવી છે. તેમનો આરોપ છે કે ઓલા ઈલેક્ટ્રિક ટેક્નોલોજીસે તેમને પૂરા પાડવામાં આવેલા માલ માટે ચૂકવણી કરી નથી. અરજદારોના નામ અને વિગતો આ મુજબ છે:: આ સ્ટર્લિંગ ટૂલ્સ લિમિટેડની ઈલેક્ટ્રિક વાહન ઘટકોની શાખા છે. તે ઓલા જેવી કંપનીઓ માટે ટ્રેક્શન મોટર્સ, મોટર કંટ્રોલ યુનિટ્સ અને ડીસી કન્વર્ટર જેવા મહત્વપૂર્ણ ઘટકોનું ઉત્પાદન કરે છે.આનંદ ગ્રુપનો ભાગ, આ કંપની ઈલેક્ટ્રિક વાહનો માટે ટ્રેક્શન મોટર્સ, કંટ્રોલર્સ, ઈન્વર્ટર અને એસી/ડીસી કન્વર્ટર જેવા મહત્વપૂર્ણ ઘટકો પણ પૂરા પાડે છે.સપ્લાયર્સ અને ઓલા ઈલેક્ટ્રિક વચ્ચે ચાલી રહેલા નાણાકીય વિવાદ સાથે સંબંધિત મુખ્ય મુદ્દાઓ અહીં છે:કોર્પોરેટ બાબતોના મંત્રાલય) પાસે ઉપલબ્ધ દસ્તાવેજો અનુસાર, ઓલા ઈલેક્ટ્રિક ટેક્નોલોજીસ પર સ્ટર્લિંગ ઈ-મોબિલિટીને ૨૯.૮ કરોડ અને અનવોલ્વ મેન્ડોને ૧૦.૮ કરોડ બાકી છે.રિપોર્ટ મુજબ, આ રકમ ૪૫ દિવસથી વધુ સમયથી પેન્ડિંગ છે. આ વિલંબને કારણે બંને સપ્લાયર્સે કાનૂની ઉપાય અપનાવવાનો નિર્ણય લીધો છે.ચુકવણી ન થયા બાદ, બંને ઓપરેશનલ લેણદારોએ નાદારી અને નાદારી કોડ, ૨૦૧૬ ની કલમ ૯ હેઠળ કોર્પોરેટ નાદારી ઠરાવ પ્રક્રિયા શરૂ કરવા માટે અરજી દાખલ કરી છે.NCLTની બેંગલુરુ બેન્ચ સ્ટર્લિંગ ઈ-મોબિલિટીની અરજી પર સુનાવણી કરવાની છે. દરમિયાન, અનવોલ્વ મેન્ડો કેસની ઘણી વખત સુનાવણી થઈ ચૂકી છે, અને આગામી સુનાવણી ૨૭ જુલાઈના રોજ યોજાવાની છે.ઓલા ઈલેક્ટ્રિક કોર્ટમાં આ દાવાઓનો વિરોધ કરી રહી છે.

ભારતની ચિપ ઉત્પાદન ક્ષમતાને વિસ્તૃત કરવા અને વૈશ્વિક સપ્લાય ચેઇનમાં તેની ભૂમિકાને મજબૂત કરવા

# 'ક્રિટિકલ મિનરલ મિશન' હેઠળ ૩૫ દેશો સાથે ભાગીદારી

નવીદિલ્હી,તા.૭

ભારતે છેલ્લા ૨૪ મહિનામાં તેની દુર્લભ પૃથ્વી, મહત્વપૂર્ણ ખનિજો અને સેમિકન્ડક્ટર સપ્લાય ચેઈનને મજબૂત બનાવવા માટે નોંધપાત્ર પગલાં લીધાં છે. સરકારના જણાવ્યા અનુસાર, વડા પ્રધાન મોદીના નેતૃત્વ હેઠળ, ભારતે વૈશ્વિક સ્તરે ૩૫ દેશોને જોડતું એક વ્યાપક વ્યૂહાત્મક નેટવર્ક સ્થાપિત કર્યું છે. ૨૪ દેશો સાથે વિવિધ કરારો અને ભાગીદારી પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે, જ્યારે ૧૧ અન્ય દેશો સાથે ચર્ચાઓ ચાલી રહી છે. આનો ઉદ્દેશ્ય દેશની ઔદ્યોગિક જરૂરિયાતો, ઉર્જા સુરક્ષા, ઈલેક્ટ્રિક વાહન, બેટરી, સંરક્ષણ, અવકાશ અને સેમિકન્ડક્ટર ઉદ્યોગો માટે જરૂરી ખનિજોની લાંબા ગાળાની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવાનો છે.

સરકાર દ્વારા શેર કરાયેલા ગ્રાફિક નકશા મુજબ, ભારતે ઉત્તર અમેરિકા, યુરોપ, આફ્રિકા, પશ્ચિમ એશિયા, મધ્ય એશિયા, દક્ષિણપૂર્વ એશિયા અને ઓસ્ટ્રેલિયામાં તેનું ભાગીદારી નેટવર્ક વિકસાવ્યું છે. આ વ્યૂહરચનાનો ઉદ્દેશ્ય માત્ર ખનિજ આયાત પર જ નહીં પરંતુ સંશોધન, ખાણકામ, પ્રક્રિયા, ટેકનોલોજી, રોકાણ અને પુરવઠા શૃંખલાઓને મજબૂત બનાવવાનો પણ છે. ભારતે યુનાઈટેડ સ્ટેટ્સ, કેનેડા, યુનાઈટેડ કિંગડમ, જર્મની, ફ્રાન્સ, ઈટાલી, નેધરલેન્ડ, જાપાન, આર્જેન્ટિના, ડીઆર કોંગો, ઘાના,, અને રશિયા સાથે વિવિધ ક્ષેત્રોમાં સહયોગ સ્થાપિત કર્યો છે.


મારૂ નામ
લક્ષ્મી સિંગ
હતુ બદલીને
લક્ષ્મી કુમારી સિંગ
રાખેલ છે.
બી-૯, આકૃત્તિ ડુપ્લેક્સ,
કલાલી, વડોદરા.

મારૂ નામ કુલસુમ
નેશા મોહમ્મદ શાહીદ અનસારી
હતુ બદલીને
કુલસુમ નેશા અનસારી
રાખેલ છે.
ઈ-૨/૧૦૬, સુબેદાર ચેમ્બર્સ,
અકોટા, વડોદરા.

મારી અટક
વોરાપટેલ નજીરભાઇ મહમદભાઇ
થી બદલીને
પટેલ નજીરભાઇ મહમદભાઇ
કરેલ છે.
તાંદલજા,
વડોદરા.

મારૂ નામ
ભરતકુમાર ચંદુભાઇ ચાવડા
થી બદલીને
ભરતભાઇ ચાવડા
રાખેલ છે.
બી-૭૫, અનુ સોસાયટી,
દંતેશ્વર, વડોદરા.

LYKA Healthcare through innovation

લાયકા લેબ્સ લિમિટેડ
CIN: L24230GJ1976PLC008738
નોંધાયેલ કચેરીઃ 4801/B અને 4802/A, GIDC ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, અંકલેશ્વર – ૩૯૩૦૦૨.
કોર્પોરેટ કચેરીઃ સ્પેન્સર બિલ્ડિંગ, ગ્રાઉન્ડ ફ્લોર, ૩૦, ફોર્જેટ સ્ટ્રીટ, ગ્રાન્ટ રોડ (પશ્ચિમ), મુંબઈ - ૪૦૦૦૩૬.
ફોનઃ ૦૨૨-૬૬૧૧૨૨૦૦ ઈ-મેઈલઃ companysecretary@lykalabs.com
વેબસાઈટઃ www.lykalabs.com

જાહેર સૂચના - ૪૭મી વાર્ષિક સામાન્ય સભા

લાયકા લેબ્સ લિમિટેડ (કંપની) ની ૪૭મી વાર્ષિક સામાન્ય સભા (AGM / સભા) સોમવાર, ૧૦ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ બપોરે ૧૨:૩૦ વાગ્યે (IST) વિડિયો કોન્ફરન્સ (VC) / અન્ય ઑડિયો-વિઝ્યુઅલ માધ્યમો (OAVM) દ્વારા યોજાશે. આ સભા કંપની અધિનિયમ, ૨૦૧૩ (અધિનિયમ) તથા તેના હેઠળ બનાવવામાં આવેલા નિયમો તેમજ સેબી (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ્સ) નિયમો, ૨૦૧૫ (સેબી લિસ્ટિંગ નિયમો) ની લાગુ જોગવાઈઓ અનુસાર અને કોર્પોરેટ બાબતોના મંત્રાલય દ્વારા આ વિષય પર સમયાંતરે બહાર પાડવામાં આવેલા તમામ લાગુ પરિપત્રો (સામૂહિક રીતે MCA પરિપત્રો તરીકે ઓળખાતા) તેમજ ભારતીય પ્રતિભૂતિ અને વિનિમય બોર્ડ (SEBI) દ્વારા સમયાંતરે બહાર પાડવામાં આવેલા પરિપત્રોના પાલન સાથે, AGM ની સૂચનામાં દર્શાવાયેલા કારોબારના વ્યવહારો હાથ ધરવા માટે યોજાશે.

VC/OAVM દ્વારા AGM માં હાજરી આપનાર સભ્યોને અધિનિયમની કલમ ૧૦૩ હેઠળ જરૂરી ગણપૂર્તિ (Quorum) માટે હાજર ગણવામાં આવશે.

વાર્ષિક સામાન્ય સભા (AGM) ની સૂચના તથા વાર્ષિક અહેવાલ ૨૦૨૫-૨૬ કંપનીના તે તમામ સભ્યોને ઈલેક્ટ્રોનિક માધ્યમ દ્વારા મોકલવામાં આવશે, જેમના ઈ-મેલ સરનામાં કંપની / રજિસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ (RTA) / ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ્સ (DPs) પાસે નોંધાયેલા છે. વધુમાં, જેમણે પોતાનું ઈ-મેલ સરનામું નોંધાવ્યું નથી તેવા સભ્યોને વાર્ષિક અહેવાલની સંપૂર્ણ વિગતો ઉપલબ્ધ હોય તેવી વેબ લિંક તથા તેનો ચોક્કસ માર્ગ દર્શાવતું પત્ર મોકલવામાં આવશે. ઉપરોક્ત પરિપત્રો અનુસાર વાર્ષિક અહેવાલની ભૌતિક (હાર્ડ કોપી) નકલો મોકલવાની આવશ્યકતામાંથી મુક્તિ આપવામાં આવી છે.

સભ્યો VC/OAVM સુવિધા દ્વારા વાર્ષિક સામાન્ય સભામાં હાજરી આપી શકે છે અને વાર્ષિક સામાન્ય સભાની સૂચનામાં દર્શાવાયેલા તમામ ઠરાવો પર માત્ર ઈ-મતદાન (e-voting) પ્રણાલી દ્વારા પોતાનો મત આપી શકે છે. તેની વિગત કંપની દ્વારા સભાની સૂચનામાં આપવામાં આવશે. VC/OAVM મારફતે સભામાં હાજરી આપનાર સભ્યોને અધિનિયમની કલમ ૧૦૩ મુજબ જરૂરી ગણપૂર્તિ (Quorum) માટે ગણવામાં આવશે.

કંપનીના જે સભ્યો પાસે શેર ભૌતિક સ્વરૂપમાં અથવા ડિમેટ સ્વરૂપમાં છે અને જેમણે કંપની / RTA / DPs પાસે પોતાનું ઈ-મેલ સરનામું નોંધાવ્યું અથવા સુધાર્યું નથી, તેઓએ પોતાનું ઈ-મેલ સરનામું નોંધાવવા અથવા સુધારવા તેમજ દૂરસ્થ ઈ-મતદાન અથવા વાર્ષિક સામાન્ય સભામાં ઈ-મતદાન કરવા માટે જરૂરી યુઝર આઈડી અને પાસવર્ડ મેળવવા માટે નીચે દર્શાવેલા દસ્તાવેજો / માહિતી ઈ-મેલ દ્વારા કંપનીના RTA – MUFG Intime India Private Limited ને investor.helpdesk@in.mpms.mufg.com પર અથવા સંબંધિત DPs ને મોકલવા વિનંતી કરવામાં આવે છેઃ
કંપનીના રેકોર્ડમાં નોંધાયેલ નામ.
ઈ-મેલ સરનામું અને મોબાઈલ નંબર.
DPID – ક્લાયન્ટ આઈડી, ક્લાયન્ટ માસ્ટર કોપી અથવા સંકલિત ખાતા નિવેદનની નકલ (ડિમેટ સ્વરૂપમાં ધરાવેલા શેરો માટે).
શેર પ્રમાણપત્રની આગળ અને પાછળની બાજુની સ્વપ્રમાણિત સ્કેન કરેલી નકલ (ભૌતિક સ્વરૂપમાં ધરાવેલા શેરો માટે).
PAN ની સ્વપ્રમાણિત સ્કેન કરેલી નકલ, સરનામાનો પુરાવો (આધાર કાર્ડ / મતદાર ઓળખપત્ર / પાસપોર્ટ / યુટિલિટી બિલ) તથા સંપર્ક નંબર, તેમજ બેંક ખાતાની વિગતોઃ
બેંકનું નામ અને સરનામું
બેંક ખાતા નંબર
IFSC કોડ
MICR નંબર
રદ કરેલ ચેકની નકલ.

કંપનીના વાર્ષિક અહેવાલ ૨૦૨૫-૨૬ ની ઈ-પ્રતિ, તેની સાથે વાર્ષિક સામાન્ય સભા (AGM) ની સૂચના, નાણાકીય હિસાબો તથા અન્ય કાયદેસરના અહેવાલો કંપનીની વેબસાઈટ www.lykalabs.com તેમજ નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લિમિટેડ (NSDL) ની વેબસાઈટ www.e-voting.nsdl.com પર ઉપલબ્ધ રહેશે. ઉપરાંત, વાર્ષિક સામાન્ય સભાની સૂચના તે શેરબજારોની વેબસાઈટ પર પણ ઉપલબ્ધ રહેશે, જ્યાં કંપનીની પ્રતિભૂતિઓ સૂચિબદ્ધ છે, એટલે કે www.bseindia.com અને www.nseindia.com પર.

આ સૂચના ઉપરોક્ત ઉલ્લેખિત સંબંધિત પરિપત્રોના પાલનરૂપે કંપનીના સભ્યોને અગાઉથી માહિતી આપવા માટે જાહેર કરવામાં આવે છે.

લાયકા લેબ્સ લિમિટેડ તરફથી
સહી/-
શૈલેન્દ્ર કુમાર અગ્રવાલ
કંપની સચિવ
મુંબઈ; તા. ૦૮ જુલાઈ, ૨૦૨૬

SBI
ભારતીય સ્ટેટ બેંક - હોમ લોન સેન્ટર, સયાજીબાગ-વડોદરા
૧લો માળ. રાજેશ્રી સેન્ટર, પેરેડાઇઝ કોમ્પલેક્ષની પાછળ, કાલાઘોડા સર્કલ પાસે, સયાજીગંજ, વડોદરા–૩૯૦ ૦૨૦. ઈમેલઃ sbi.64166@sbi.co.in

પરિશિષ્ટ-૪ નિયમ-૮(૧) કબજા અંગેની નોટિસ (સ્થાવર મિલ્કત માટે)

આથી નીચે સહી કરનાર, ભારતીય સ્ટેટ બેંકના અધિકૃત અધિકારી તરીકે, ધી સીક્યુરીટાઈઝેશન એન્ડ રીકંસ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટ્સ એન્ડ એનફોર્સમેન્ટ ઓફ સીક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ અને સીક્યુરીટી ઈન્ટરેસ્ટ (એનફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના નિયમ ૩ સાથે વાંચતા કલમ ૧૩(૧૨) અન્વયે પ્રાપ્ત અધિકારોની રૂઈએ નીચે દર્શાવેલ કરજદારો ને ડીમાન્ડ નોટીસ પાઠવીને નોટીસમાં દર્શાવેલ રકમ નોટીસ મળ્યાના ૬૦ દિવસમાં ભરપાઈ કરવા જણાવામાં આવેલ.

કરજદારો રકમ ચુકતે કરવામાં નિષ્ફળ ગયા હોય, આથી કરજદારો અને જાહેર જનતાને નોટીસ દ્વારા જણાવવામાં આવે છે કે, નીચે સહી કરનારે ઉપરોક્ત અધિનીયમના ઠરાવ ૮ સાથે વાંચતા ૧૩ (૪) અન્વયે પ્રાપ્ત અધિકારોની રૂઈએ નીચે દર્શાવેલ વિસ્તૃત વર્ણન મુજબની મિલકતનો સાંકેતિક કબજો નીચે કોષ્ટકમાં દર્શાવેલ તારીખના રોજ લઈ લીધેલ છે.

કરજદારો અને જાહેર જનતાને સદર મિલકત સંદર્ભે કોઈપણ પ્રકારનો વ્યવહાર ન કરવા ચેતવણી આપવામાં આવે છે તેમજ સદર વ્યવહાર ભારતીય સ્ટેટ બેંક ની નીચે કોષ્ઠકમાં દર્શાવેલ લેણી રકમ ઉપરાંત ચડત વ્યાજ અને ઈતર ખર્ચાઓના બોજાને આધીન રહેશે.

અહિં કરજદારનું ધ્યાન દોરવામાં આવે છે કે ઉપરોક્ત અધિનીયમની કલમ ૧૩ની પેટા કલમ (૮) હેઠળ જણાવેલ સમય મર્યાદામાં તમો તમારી સુરક્ષિત મિલકતો ને બાકી લેણાં ભરપાઈ કરીને પાછી મેળવી શકો છો.

| ક્રમ | કરજદાર/જામીનદાર નું નામ | ડિમાન્ડ નોટીસ તારીખ અને રકમ(રૂા) | મિલ્કતનું વર્ણન | પઝેશન તારીખ |
|---|---|---|---|---|
| ૧. | શ્રી હરમાનભાઈ મગનભાઈ પઢિયાર | તા.૦૩.૦૨.૨૦૨૫ અને રૂા. ૬,૦૦,૬૩૫.૦૦ તા.૦૩.૦૨.૨૦૨૫ ના રોજ | સ્થાવર મિલકતની જમીન નો આર.એસ. નં. ૨૩ પૈકી, ટીક્કા નં. ૪૮, સી.એસ. નં. ૪૧૯, ૪૨૦, ૪૨૧, ૪૨૨-૨, ૪૨૩ પૈકી ક્ષેત્રફળ એરીયા ૨૩૭.૬૦ ચોરસ ફુટ ગામ મોજે નિઝામપુરા ગામ નો રજીસ્ટ્રેશન જીલ્લો વડોદરા અને સબ જીલ્લો વડોદરા અને ચતુર્સીમાઃ પૂર્વઃ મોહનભાઈ પ્રભાતભાઈ ચાવડાની મિલકત, પશ્ચિમઃ ગંગાબેન દામોદરભાઈની પડતર જમીન, ઉત્તરઃ નરોત્તમદાસ ભીખાભાઈની મિલકત, દક્ષિણઃ ૧૨ ફૂટ કોમન રોડ નંબર. ૪૨૪. | ૦૪.૦૭.૨૦૨૬ સાંકેતિક |
| ૨. | શ્રી કનુભાઈ સોમાભાઈ સોલંકી | તા.૧૯.૦૭.૨૦૨૪ અને રૂા. ૧૫,૮૧,૦૮૬.૦૦ તા.૧૯.૦૭.૨૦૨૪ ના રોજ | સ્થાવર મિલકત નો બ્લોક નં. ઈ/૧૩૧, ક્ષેત્રફળ ૮૧.૬૨ ચોરસ મીટર સમાવિષ્ટ ૩૪.૭૫ ચોરસ મીટર નો પ્લોટ એરીયા અને ૩૩.૭૩ ચોરસ મીટર પ્રમાણસર જમીન માટે કોમન રોડ અને ૧૩.૧૪ ચોરસ મીટર કોમન પ્લોટ નો બાંધકામ ક્ષેત્રફળ ૨૩.૭૩ ચોરસ મીટર ની સ્કીમ જે ભાગ્યલક્ષ્મી ટાઉનશીપ–II તરીકે જાણીતી આવેલ જમીન નો રેવન્યુ સર્વે નં. ૩૩૭ પૈકી ૧૩૯૪૭ ચોરસ મીટર કુલ ૪૫૫૮૬.૬૦ ચોરસ મીટર નો રહેણાંક ઝોન મોજે ગામ બાપોદ નો જીલ્લો અને રજીસ્ટ્રેશન બસ જીલ્લોઃ વડોદરા. ચતુર્સીમાઃ પૂર્વઃ ૭.૫૦ મીટર સોસાયટી રોડ, ઉત્તરઃ સબ પ્લોટ નં. ઈ/૧૩૦, પશ્ચિમઃ સબ પ્લોટ નં. ઈ/૧૧૮ અને ઈ/૧૧૯, દક્ષિણઃ સબ પ્લોટ નં. ઈ/૧૩૨. | ૦૪.૦૭.૨૦૨૬ સાંકેતિક |
| ૩. | શ્રી નાસીરભાઈ કેસરભાઈ મલેક | તા.૦૧.૧૧.૨૦૨૪ અને રૂા. ૩,૪૪,૧૧૮.૦૦ તા.૦૧.૧૧.૨૦૨૪ ના રોજ | સ્થાવર મિલકત ગામતલ ની જમીન ના સમાવિષ્ઠ સાથે અને તમામ બાંધકામ બિલ્ડીંગ પર મિલકત/ઘર નંબર ૧૫૭ ગામ પુનિયાડ, મલેક ફળીયુ ક્ષેત્રફળ પ્લોટ એરીયા ૨૬૫૩.૦૩ ચોરસ ફુટ નો રજીસ્ટ્રેશન જીલ્લો વડોદરા અને સબ જીલ્લો ડભોઈ. ચર્તુસીમાઃ પૂર્વઃ બિબનબેન જબરભાઈ મલેકની મિલકત, ઉત્તરઃ સરકારી રંગાઈ, પશ્ચિમઃ તારીફભાઈ અનવરભાઈ મલેકની મિલકત, દક્ષિણઃ મલેક ફળિયા . | ૦૩.૦૭.૨૦૨૬ સાંકેતિક |
| ૪. | શ્રી અશોકભાઈ નારાયણભાઈ સોલંકી, શ્રી જયેશકુમાર અશોકભાઈ સોલંકી અને શ્રીમતી રેખાબેન જયેશકુમાર સોલંકી | તા.૦૧.૦૫.૨૦૨૬ અને રૂા. ૧૯,૪૭,૩૩૩.૦૦ તા.૩૦.૦૪.૨૦૨૬ ના રોજ | સ્થાવર મિલકત નો પ્લોટ નં. ડિ–૪૮ પ્લોટ એરીયા ક્ષેત્રફળ ૫૨.૮૬ ચોરસ મીટર અવિભાજીત કોમન પ્લોટ એરીયા ક્ષેત્રફળ ૨૦.૫૪ ચોરસ મીટર જે 'અક્ષર વિહાર' સ્કીમ તરીકે ઓળખાતી આવેલ જમીન નો આર.એસ. નં. ૦૩, ૭૦૪, ૭૪૧ એરીયા ક્ષેત્રફળ ૧૬૨૮ ચોરસ મીટર ૯૯૧૫ ચોરસ મીટર, ૨૯૩૪ ચોરસ મીટર કુલ એરીયા ક્ષેત્રફળ ૨૯૧૩૮ ચોરસ મીટર ગામ મોજે તરસાલી અને રજીસ્ટ્રેશન સબ જીલ્લો અને જીલ્લો વડોદરા અને ચતુર્સીમાઃ પૂર્વઃ પ્લોટ નં. ડિ–૪૯, પશ્ચિમઃ પ્લોટ નં. ડિ–૪૭, ઉત્તરઃ પ્લોટ નં. બી–૧૫, દક્ષિણઃ સોસાયટી નો આંતરીક રોડ. | ૦૩.૦૭.૨૦૨૬ સાંકેતિક |

તારીખઃ ૦૮.૦૭.૨૦૨૬
સ્થળઃ વડોદરા
નોંધઃ વિવાદની સ્થિતિમાં આ નોટીસનો અંગ્રેજી અનુવાદ માન્ય ગણાશે.
સહી/અધિકૃત અધિકારી, ભારતીય સ્ટેટ બેંક